પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૭૮ | ૨૦ ડિસેમ્બર, ૨૦૨૧, સોમવાર; માગશર વદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ઉત્તર ભારતમાં કાતિલ કોલ્ડવેવ

## દિલ્હીમાં યલ્લો એલર્ટ, પારો ૪.૬ ડિગ્રી : દિલ્હીમાં રવિવારે સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો

નવી દિલ્હી,તા.૧૯

સમગ્ર ઉત્તર ભારત ઠંડીના કારણે ઠંડક ઠુંઠવાઈ ગયું છે. દિલ્હી સહિત અનેક રાજ્યોમાં પારો ગગડ્યો છે. પહાડો પર હિમવર્ષા બાદ ઘણા વિસ્તારોમાં તાપમાન માઈનસ સુધી પહોંચી ગયું છે. દિલ્હીમાં ઠંડી દરરોજ રેકોર્ડ તોડી રહી છે. કોલ્ડવેવના કારણે હવામાન વિભાગે યલો એલર્ટ જાહેર કર્યું છે. હવામાન વિભાગના વરિષ્ઠ વૈજ્ઞાનિક આરકે જેનામાની અનુસાર, દિલ્હીમાં આજે અને આવતીકાલે એટલે કે રવિવાર અને સોમવાર માટે યલો એલર્ટ જારી કરવામાં આવ્યું છે. કોલ્ડવેવને લઈને દિલ્હીમાં યલો એલર્ટ છે. એવામાં હવામાન વિભાગે બાળકો અને વૃદ્ધોને પણ સવાર અને સાંજની વોક ન જવાની સલાહ આપી છે. દિલ્હીમાં આજે (રવિવારે) સિઝનનો સૌથી ઠંડો દિવસ નોંધાયો હતો. દિલ્હીના સફદરજંગમાં સવારે ૮.૩૦ વાગ્યે લઘુત્તમ તાપમાન ૪.૬ ડિગ્રી નોંધાયું હતું. ગઈકાલે (શનિવાર) દિલ્હીમાં લઘુત્તમ તાપમાન ૬ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. દિલ્હીમાં આગામી દિવસોમાં ઠંડીનું જોર યથાવત રહેશે. સ્ઢએ કહ્યું કે, ઉત્તરાખંડ, જમ્મુ અને કાશ્મીર અને હિમાચલ પ્રદેશના ઘણા વિસ્તારોમાં હિમવર્ષાને કારણે મેદાની વિસ્તારોમાં અસર થઈ રહી છે. હિમાચલ પ્રદેશમાં ભારે હિમવર્ષાના કારણે જનજીવન ખરાબ રીતે પ્રભાવિત થયું છે. હિમાચલ પ્રદેશના લાહૌલ-સ્પીતિમાં ઠંડીના કારણે સિસુ સરોવર થીજી ગયું છે. હિમાચલ પ્રદેશના કેટલાક વિસ્તારોમાં તાપમાનનો પારો માઈનસ સુધી પહોંચી ગયો છે. આ સિવાય જમ્મુ-કાશ્મીરના શ્રીનગરમાં પણ શિયાળાએ રેકોર્ડ તોડ્યો છે. અહીં તાપમાન માઈનસ ૬ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું છે. ઠંડીના કારણે દાલ સરોવરના બહારના કિનારા જામી ગયા છે. રાજસ્થાનના ચુરુમાં પણ ભયંકર ઠંડી પડી રહી છે. અહીં આજે (રવિવારે) લઘુત્તમ તાપમાન માઈનસ ૨.૬ સેલ્સિયસ નોંધાયું હતું. મધ્યપ્રદેશના મંદસૌરમાં પણ શિયાળાની ઋતુ જોવા મળી રહી છે. અહીં ગાઢ ધુમ્મસ છે. ગાઢ ધુમ્મસને કારણે વિઝિબિલિટી ઘટીને શૂન્ય થઈ ગઈ છે. ઠારના લીધે ખેડૂતો પરેશાન છે.





કાતિલ ઠંડી : આબુ ગુજરાત રાજસ્થાન સરહદ પરનું પ્રવાસ ધામ આજકાલ ઠંડીમાં ઠુંઠવાઈ રહ્યું છે. બરફની ચાદર છવાઈ હોય એવા દ્રશ્યો છેલલા બે દિવસથી સર્જાય છે. નખી તળાવ ધીજી ગયું છે. ત્યારે ગુરુગ્રામ શિખર માઈનસ ૫.૫ ડિગ્રી તાપમાનની વચ્ચે ઠુંઠવાઈ રહ્યું છે. શહેરની હોટલો ડાઈનિંગ ટેબલ કે ભોજન ડીશ પર બરફ જામી જાય છે. ઠેર ઠેર ગરમ વસ્ત્રોમાં સજ્જ જુજ પ્રવાસીઓ નજરે પડે છે. આમ છતાં ઠંડી માણવા માટે આબુ આવતા એવા પ્રવાસીઓ નોંધપાત્ર રીતે નજરે પડે છે.

# ભારતનું દમદાર પ્રદર્શન, જાપાનને ૬-૦થી હરાવ્યું

## પ્રથમ ટૂર્નામેન્ટ રમી રહેલી ભારતીય ટીમે શરૂઆતી મેચમાં કોરિયાને ૨-૨થી બરોબરી પર રોક્યુ હતું

ઢાકા,તા.૧૯

ભારતીય ટીમે રવિવારે એશિયન ચેમ્પિયન્સ ટ્રોફી-૨૦૨૧માં પોતાની અંતિમ લીગ મેચમાં જાપાનને ૬-૦થી કારમો પરાજય આપ્યો છે. ટોક્યો ઓલિમ્પિકની બ્રોન્ઝ મેડલિસ્ટ ટીમે મનદીપ સિંહની આગેવાનીમાં શાનદાર પ્રદર્શન કર્યુ છે. તેણે દરેક વિભાગમાં ડોમિનેટ કર્યુ હતું.

ખાસ કરીને ગોલકીપર સૂરજ કરકેરાએ સાવચેતી સાથે અનેક તક બચાવી અને જાપાનના ગોલ કરવાના દરેક પ્રયાસને નિષ્ફળ બનાવ્યો હતો. પાકિસ્તાન વિરુદ્ધ બે ગોલ કરનાર હરમનપ્રીત સિંહે અહીં પણ દમદાર પ્રદર્શન કરતા બે ગોલ કર્યા હતા. દિલપ્રીત સિંહ, જરમનપ્રીત સિંહ, સુમીત અને શમશેરના નામે એક-એક ગોલ રહ્યો હતો. આ રીતે ભારતીય ટીમે ટોપ પર રહેતા લીગ રાઉન્ડ સમાપ્ત કર્યો છે. ભારત અને જાપાન વચ્ચે છેલ્લે ટોક્યો ઓલિમ્પિકમાં ટક્કર થઈ હતી, જ્યાં ટીમ ઈન્ડિયાએ ૫-૩થી જીત મેળવી હતી. ટીમ ઈન્ડિયાએ પ્રથમ હાફમાં સારી શરૂઆત કરી. તેણે આક્રમક હોકી રમતા ૧૦ મિનિટમાં ૩ પેનલ્ટી કોર્નર મેળવ્યા અને એક ગોલ કર્યો હતો. ૧૦મી મિનિટમાં મળેલા પેનલ્ટી કોર્નર પર હરમનપ્રીત સિંહે ગોલ કર્યો હતો.

આ સાથે જાપાન પર ૧-૦ની લીડ મેળવી લીધી હતી. આ ક્વાર્ટરમાં જાપાનને પણ તક મળી પરંતુ તેના ખેલાડીઓ ગોલ કરી શક્યા નહીં. ટૂર્નામેન્ટમાં અત્યાર સુધી અજીવિત રહેનાર ભારત માટે બીજો ગોલ દિલપ્રીત સિંહે કર્યો હતો. ૨૩મી મિનિટમાં તેણે શાનદાર હિટ લગાવી બોલ ગોલપોસ્ટમાં પહોંચાડી દીધો હતો. જરમનપ્રીત સિંહે ૩૪મી મિનિટમાં ભારત માટે ત્રીજો ગોલ કર્યો. આ ફીલ્ડ ગોલ હતો.

ત્યારબાદ સુમિતે ૪૬મી, હરમનપ્રીતે ૫૩મી અને શમશેરે ૫૪મી મિનિટમાં બોલ કરી ટીમનો સ્કોર ૬-૦ કરી દીધો હતો. આ રીતે છેલ્લા ક્વાર્ટરમાં ભારતે ૩ ગોલ કર્યા હતા. ઉલ્લેખનીય છે કે ઓલિમ્પિકના ઐતિહાસિક અભિયાન બાદ પોતાની પ્રથમ ટૂર્નામેન્ટ રમી રહેલી ભારતીય ટીમે શરૂઆતી મેચમાં કોરિયાને ૨-૨થી બરોબરી પર રોક્યુ હતું. ટીમે ત્યારબાદ શાનદાર વાપસી કરી અને બાંગ્લાદેશને ૯-૦થી પરાજય આપ્યો હતો. શુક્રવારે ભારતે પાકિસ્તાનને ૩-૧થી પરાજય આપ્યો હતો.

# જોખમ વધ્યું : ભારતમાં ત્રણ દિવસમાં ઓમિક્રોનના કેસ ડબલ

## અનેક દેશોમાં ઓમિક્રોનનું સંક્રમણ ઝડપથી પ્રસરી રહ્યું છે, કેટલાક દેશો છે જ્યાં ગંભીર પરિસ્થિતિ પેદા થઇ ચૂકી છે

નવી દિલ્હી,તા.૧૯

ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં ઓમિક્રોનનું સંક્રમણ ફેલાઈ રહ્યું છે. સૌથી મોટી ચિંતાની વાત એ છે કે ઓમિક્રોનનું સંક્રમણ ઝડપથી પ્રસરે છે અને લગભગ દોઢથી ત્રણ દિવસની અંદર જ દર્દીઓની સંખ્યા બમણી થતી જાય છે. ભારતમાં પણ જોતજોતમાં ઓમિક્રોનના દર્દી વધીને ૧૨૦ની ઉપર થઈ ગયા છે. એવામાં ઉૐ સહિત દુનિયાભરના વૈજ્ઞાનિકો ઓમિક્રોન લઈને ચિંતા વ્યક્ત કરી રહ્યા છે. તેઓના મત મુજબ આ જ રીતે કેસ વધતાં રહ્યા તો વિશ્વસ્તરે કોરોનાની ત્રીજી લહેર જલ્દીથી પ્રસરે શકે છે. ભારતમાં પણ ઓમિક્રોનના વધી રહેલા દર્દીઓ વચ્ચે નેશનલ કોવિડ-૧૯ સુપરમોડલ કમિટીના ચીફ વિદ્યાસાગરે ત્રીજી લહેરની સંભાવના વ્યક્ત કરી દીધી છે. તેમના મુજબ આગામી વર્ષની શરૂઆતમાં જ કોરોનાની ત્રીજી લહેર આવી શકે છે જે ફેબ્રુઆરીમાં એની ચરમ સીમાએ પહોંચી શકે છે. વિદ્યાસાગરનું કહેવુ છે કે સીરો સર્વે મુજબ વસ્તીનો બહુ ઓછો હિસ્સો બચ્યો છે જે ડેલ્ટા વેરિયન્ટથી સંક્રમિત થયો નથી. એવામાં ત્રીજી લહેર બીજી લહેર જેટલી ખતરનાક નહીં હોય. જોકે ભારતમાં માટે રાહત સમાન વાત એ પણ છે કે, કુલ વસતીના બહુ મોટા હિસ્સાનું રસીકરણ થઈ ગયું છે. આ સાથે ઉૐના તાજેતરના અહેવાલથી ભારતની ચિંતામાં વધારો થયો છે. સંગઠનનું કહેવુ છે કે, ઓમિક્રોન એ દેશમાં ડેલ્ટા વેરિયન્ટની સરખામણીએ ઝડપથી ફેલાઈ શકે છે જ્યા કોમ્યૂનિટી ટ્રાન્સમિશન જોવા મળ્યું હતું. એવા દેશોમાં પણે ઓમિક્રોન ઝડપથી ફેલાઈ શકે છે જ્યાં મોટા પ્રમાણમાં વસતીનું રસીકરણ થઈ ચૂકયું છે. ભારતમાં કોરોનાની બીજી લહેર દરમિયાન આ પરિસ્થિતિ જોવા મળી હતી. સ્પષ્ટ શબ્દોમાં સમજીએ તો જ્યાં વસતીનું પ્રમાણ વધારે છે એવા દેશોમાં ઓમિક્રોનનું સંક્રમણ ફેલાવા જોખમ વધારે છે. વિશ્વસ્તરે આશંકા વ્યક્ત કરવામાં આવી રહી છે કે, ઓમિક્રોન ત્રીજી લહેર માટે કારણ બની શકે છે. હાલમાં દુનિયાભરના દેશો ઓમિક્રોન વેરિયન્ટ પર રિસર્ચ કરી રહ્યા છે. તો બીજી તરફ દુનિયામાં હાજર મોટાભાગની કોરોના વેકસીન ઓમિક્રોનના સંક્રમણ સામે ઓછી પ્રભાવિત હોવાની આશંકા પણ વ્યકત કરવામાં આવી છે. ઓમિક્રોન વેરિયન્ટ એવા લોકોને પણ શિકાર બનાવી રહ્યું છે.

## બ્રિટનમાં વિસ્ફોટ, ઓમિક્રોનથી સાતના મોત

વોશિંગટન,તા.૧૯

કોરોનાના નવા વેરિએન્ટ ઓમિક્રોને પોતાનું રૌદ્ર રૂપ દેખાડવાનું શરૂ કરી દીધું છે. આ વાયરસ અત્યાર સુધી ૮૯ દેશોમાં પહોંચી ચુક્યો છે. સમાચાર એજન્સી પીટીઆઈ પ્રમાણે બ્રિટનમાં ઓમિક્રોનથી મૃત્યુ પામનારની સંખ્યા વધીને ૭ થઈ ગઈ છે, જ્યારે એક દિવસમાં આ વેરિએન્ટના ૧૦,૦૫૯ કેસ સામે આવ્યા છે. આ સાથે બ્રિટનમાં ઓમિક્રોનના સંક્રમિતોનો આંકડો વધીને ૨૪,૯૬૮ થઈ ગયો છે. તો છેલ્લા ૨૪ કલાકમાં કોરોના સંક્રમણના ૯૦,૪૧૮ કેસ સામે આવ્યા છે, જ્યારે મહામારીથી ૧૨૫ લોકોના મૃત્યુ થયા છે. બ્રિટનના સ્વાસ્થ્ય મંત્રી સાજિદ જાવિદે કહ્યુ કે, ઓમિક્રોનથી મૃત્યુ પામનારની સંખ્યા વધીને ૭ થઈ ગઈ છે. અમે તમામ પગલાં ભર્યા જે જરૂરી છે. અમે આંકડા પર નજર રાખી રહ્યાં છીએ અને પોતાના વૈજ્ઞાનિકો અને સલાહકારો સાથે આ મુદ્દે ચર્ચા કરી રહ્યાં છીએ. અમે મહામારી પર સાવધાનીથી નજર રાખીશું. અમે છેલ્લા કેટલાક દિવસમાં ઓમિક્રોન સંક્રમણમાં એક મોટો ઉછાળો જોયો છે.

# ગુજરાતમાં ઓમિક્રોનના વધુ ચાર કેસ સાથે હવે, ૧૩ કેસ

## ગાંધીનગર, અમદાવાદ, આણંદ અને સુરતમાં આજે વધુ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૧૯

ગુજરાતમાં કોરોનાના નવા વેરિયન્ટ ઓમિક્રોનના વધુ ૩ કેસ નોંધાતા કુલ કેસની સંખ્યા હવે ૧૦ પર પહોંચી ગઈ છે. પ્રાપ્ત માહિતી અનુસાર જિલ્લાવાર દર્દીઓમાં જામનગરના ત્રણ, સુરત અને વડોદરામાં બે-બે અને ગાંધીનગર, મહેસાણા અને આણંદમાં એક-એકનો સમાવેશ થાય છે. જામનગરમાં ત્રણ દર્દીઓને રજા આપવામાં આવી છે. રાજ્યમાં ઓમિક્રોનના કેસોની સંખ્યામાં સતત વધારો થતાં આરોગ્ય વિભાગની ચિંતામાં ઓર વધી ગઈ છે. દુનિયાના અનેક દેશોમાં ફેલાયેલા કોરોનાના નવા વેરિયન્ટની અમદાવાદમાં પણ એન્ટ્રી થઈ ગઈ છે! ખાનગી ટીવી ચેનલના રિપોર્ટ મુજબ અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં તૈયાર કરવામાં આવેલા ઓમિક્રોન વોર્ડમાં સારવાર હેઠળ મૂળ આણંદના ૪૮ વર્ષીય વ્યક્તિમાં નવા વેરિયન્ટની પુષ્ટિ થઈ હોવાનું જાણવા મળ્યું છે. એવું પણ જાણવા મળ્યું છે કે, આ દર્દી લંડનથી દુબઈનો પ્રવાસ કરીને અમદાવાદ આવ્યા હતા.

ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશન, સુરત મ્યુનિસિપલ કોર્પોરેશન અને આણંદ શહેરની હદમાં નવા ૩ કેસ નોંધાયા છે. આ ૩ કેસની સાથે જ ઓમિક્રોન કેસની સંખ્યાનો આંકડો ૧૦ પર પહોંચ્યો છે. શુક્રવારે ૧૭ ડિસેમ્બરે વડોદરામાં ૨ કેસ નોંધાયા હતા. જ્યારે જામનગરમાં ઓમિક્રોન વેરિયન્ટના ત્રણેય દર્દીઓને હોસ્પિટલથી રજા આપી દેવામાં આવી છે.

## દેશમાં કોરોનાના ૭૦૮૧ નવા કેસ

દેશમાં કોરોના વાયરસના કેસમાં ઘટાડો થઈ રહ્યો છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલય અનુસાર, રવિવારે છેલ્લા ૨૪ કલાકમાં ૭ હજાર ૮૧ નવા કેસ મળી આવ્યા છે. તો ૭ હજાર ૪૬૯ લોકો સાજા થયા છે. મંત્રાલયના જણાવ્યા અનુસાર, આ સમયગાળા દરમિયાન ૨૬૪ લોકોના મોત પણ થયા છે. હાલમાં દેશમાં ૮૩ હજાર ૯૧૩ કેસ એક્ટિવ છે જ્યારે ૩ કરોડ ૪૧ લાખ ૭૮ હજાર ૯૪૦ દર્દીઓ સ્વસ્થ થયા છે. તો અત્યાર સુધીમાં ૪ લાખ ૭૭ હજાર ૪૨૨ દર્દીઓના મોત થયા છે. તો રસીકરણની વાત કરીએ તો અત્યાર સુધીમાં ૧ અબજ ૩૭ કરોડ ૪૬ લાખ ૧૩ હજાર ૨૫૨ ડોઝ આપવામાં આવ્યા છે.

# કેરલમાં ૧૨ કલાકમાં બે નેતાની હત્યા

કેરળમાં રાજકીય હત્યાઓનો સિલસિલો ચાલુ છે. શનિવારે પોલીસે કહ્યું કે, સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા અને ભારતીય જનતા પાર્ટીના બે નેતાઓની કથિત રીતે હત્યા કરવામાં આવી છે. આ હત્યા અલપ્પુઝામાં થઈ. પોલીસના જણાવ્યા અનુસાર, બીજેપી નેતાની હત્યાના મામલે ૧૧ લોકોની ધરપકડ કરવામાં આવી છે. આમાંથી કેટલાક આ કેસમાં સીધા સંડોવાયેલા હોવાની આશંકા છે. એક પછી એક રાજકીય હત્યાઓને પગલે જિલ્લામાં તંગદિલીનો માહોલ છે અને આગળ વધુ કોઈ અપ્રિય પરિસ્થિતિ ન સર્જાય તે માટે ઉચ્ચ પોલીસ અધિકારી જિલ્લામાં પહોંચી ગયા છે.

૧૨ કલાકથી ઓછા સમયમાં બે રાજકીય હત્યાઓએ રાજ્યને હચમચાવી નાખ્યું છે અને જિલ્લામાં બે દિવસ માટે કલમ ૧૪૪ લાગુ કરવામાં આવી છે. જીઢૈંના રાજ્ય સચિવ ૩૮ વર્ષીય શાન કેએસની શનિવારે રાત્રે અજાણી ટોળકીએ છરીના ઘા મારીને હત્યા કરી નાખી હતી.

